સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ચૂડાસમાજી ! ખેતરમાંથી ફી લઉં એક લાખ !?
છે આ પોપાંબાઈનું, લે ને ભાઈ દસ-બાર લાખ !!
મિલી ભગતે બનાવી સમિતિ, લૂંટાય તે લૂંટ -
શબરીના પેટે પગ દઈને મીઠાં બોર ચાખ !

હાઈકુ

કોથળામાંથી,
લ્યો ! આ ફી સમિતિ એ
કાઢ્યું બિલાડું !

ઘંટી ના ચોર,
છે બધા માસીયાઈ -
એક ના એક !

ચિંતન

સહાયસાધ્યં રાજત્વં ચક્રમેકં ન વર્તતે ।
કુર્વીત સચિવાંસ્તસ્માત્તેષાં ચ શ્રૃણુયાન્મતમ્ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યમેંટમાંથી લેવામાં આવેલ છે.

જેમ રથનું એક પૈડું ગતિ નથી આપી શકતું, તેમ એકલા રાજાથી કોઈની સહાય વગર રાજકાર્ય નથી થઈ શકતું, એટલે રાજાએ સહાયક મંત્રીઓ નિયુક્ત કરી તેમની સલાહ મુજબ રાજકાર્ય કરવું જોઈએ.

ચાણક્ય કહે છે કે રથનું એક પૈડું હોય તો રથ ન ચાલી શકે એમ એકલા રાજાથી રાજય ન થઈ શકે, કારણ કે રાજયમાં અનેક પ્રકારની જવાબદારીઓ હોય છે. એનો વિસ્તાર પણ બહોળો હોય છે. એના બધા જ પ્રદેશો કે વિભાગોનું સંચાલન એકલે હાથે કોઈ કાળે સંભવ નથી એટલે રાજાએ પહેલાં તો પોતાના રાજય પ્રદેશો વિભાજીત કરવા, એ વિભાજીત પ્રદેશોમાં પેટાવિભાગો પાડવા. દરેકનું સંચાલન જુદી જુદી અધિકારીઓ દ્વારા કરાવવું, ટૂંકમાં, સૂક્ષ્મ શ્રમવિભાજન કરવું અને એ રીતે એક વિશાળ રાજયનું સંચાલન કરવું.

સુવિચાર

- સિંહ પથ્થર પર બેઠો હોય તોયે એ પથ્થરને પણ સિંહાસન જ કહેવાય, માટે સિંહાસનના અભરખા રાખવાને બદલે સિંહ બનીયે, કે જયાં બેસીએ ત્યાં જ સિંહાસન થઈ જાય - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈચ્છાપૂર્તિ માટે પરિવર્તન કરવું પડે છે, પાણીને પણ તરવા માટે બરફ બનવું પડે છે - **અનેરી જોષી**
- કુદરત જ બધું કરે છે, કહીને અટક નહીં, એ દોસ્ત તું જ જાતે ખુદને ખટક નહીં - **જનકલ્યાણ**
- શારીરિક રીતે હતાશ હોવ તો માનસિક રીતે માનસિક રીતે હતાશ હોવ તો શારીરિક કાર્ય કરજો - **ચંદ્રકાન્ત બક્ષી**
- આપણે સૌ પોતાને શ્રેષ્ઠ સાબિત કરવાના ચક્કરમાં જીવવાનું ભૂલી ગયા છીએ - **ઈશિતા**
- ઔરોં કે હિત મેં જો મરતા હૈ, ઔરોં કે હિત જો જીતા હૈ,
  ઉસકા હસ આંસુ રામાયણ હૈ, પ્રત્યેક કર્મ હી ગીતા હૈ - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : અરલુના પાન વાટી, ઝખમ, દાદર, ખરજવા પર બાંધવાથી તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક લક્ષ્મીચંદ શેઠ શ્રીમંત તથા વિઠ્ઠલનાથના ભક્ત હતા. તેમને ત્યાં ઘણા વખતે પારણું બંધાયું એટલે એમણે ભગવાન વિઠ્ઠલનાથની મૂર્તિ માટે સોનાનો કમરબંધ બનાવવાનો સંકલ્પ લીધો.

શહેરના સોની પાસે વાત મૂકી તો સોની કહે કે શેઠ હું તો શિવભક્ત છું અને કયારેક વિઠ્ઠલનાથના મંદિરે ગયો નથી. વિઠ્ઠલનાથજીની મૂર્તિની કમરનું માપ મને લાવી આપો તો હું એના આધારે કમરબંધ બનાવી આપું.

શેઠે કમરબંધનું માપ આપ્યું અને એ માપ પ્રમાણે કમરબંધ બની ગયો. જયારે ખરેખર ભગવાનને કમરે પહેરાવવાનો પ્રયત્ન કર્યો તો કમરબંધ માપમાં ટૂંકો થઈ ગયો. શેઠના કહેવાથી સોનીએ પાંચ કડી ઉમેરી વળી પાછું કમરબંધ પહેરાવ્યો તો થોડોક ઢીલો થઈ ગયો. એટલે શેઠ સોનીએ કહ્યું, આપ ખુદ આવીને મંદિરમાં માપ લઈ જાઓ.

સોનીએ હ્યું, એ શિવભક્ત છે માટે વિઠ્ઠલનાથની મંદિરે તેને આંખ પર પટ્ટી બાંધીને લઈ જવામાં આવે. શેઠે વાત માની, જયારે સોની મૂર્તિના કમરમાં માપ લેવા ઝૂક્યો ત્યાં તેને લાગ્યું કે શિવ નૃત્ય કરી રહ્યા છે, માથા પર હાથ ફેરવ્યો તો જાણે સાપ ગળે વિંટળાયેલા છે. એણે પટ્ટી ખોલી નાખી. તો ભગવાન વિઠ્ઠલનાથ ઊભા હતા. તેણે ફરી પટ્ટી બાંધી દીધી તો તેને શિવ ભગવાનની પ્રતીતિ થઈ. ત્યારે જ આકાશવઆણી થઈ, 'બધા ભગવાન એક છે, તું ભેદ શું કામ કરે છે' સોનીનો ભ્રમ દૂર થયો અને પટ્ટી ખોલી કમરબંધનું માપ લઈ સરસ કમરબંધ બનાવી દીધો.

ભાજપને ઘેરવા રાહુલની આગેકૂચ

તંત્રીસ્થાનેથી...

રાહુલ ગાંધી હવે ફુલ ફોર્મમાં આવી ગયા છે. છેલ્લાં ઘણાં વર્ષો સુધી તેઓ રાજકારણથી અતડા રહેતા રહ્યા ; પાર્ટીના નેતાઓ અને ખુદ માતા-કોંગ્રેસ અધ્યક્ષાના આગ્રહ છતાં જવાબદારી સંભાળવાથી દૂર રહેવાનો જ પ્રયાસ કરતા રહ્યા, પરંતુ અત્યારે ઘીના ઠામમાં ઘી ઠર્યું છે અને કોંગ્રેસની નહેરુ - ગાંધી વંશી પરંપરા મુજબ યુવરાજે વહીવટ સંભાળી લીધો છે. રાહુલ ગાંધી માટે મોતીલાલ વોરા કે અહમદ પટેલ જેવા વરિષ્ઠ નેતાઓ કયારેય આડખીલીરુપ નહોતા પરંતુ એમની છત્રછાયામાં ઉછરેલા આ રાજવંશી તરુણને રાજકારણમાં સક્રિય બનવામાં એમનો પ્રચંડ પડછાયા જરૂર નડતા હતા. આખરે ખુદ સોનિયાએ જ રાહુલ ગાંધી માટે લાઈન ક્લિયર કરી દીધી. ગુજરાતની ચૂંટણીમાં રાહુલ એક માત્ર કોંગ્રેસના સ્ટાર પ્રચારક તરીકે ઊપસ્યા અને અગાઉની કોંગ્રેસની બિનસાંપ્રદાયિક રીતભાતથી ચીલો ચાતરી ભાથી ખત્રીથી લઈ સોમનાથ સુધી દેવદર્શન કરતા રહ્યા. કોંગ્રેસની છાપ હિંદુ વિરોધી પાર્ટી તરીકે ઊપસાવવામાં ભારતીય જનતા પાર્ટીએ કોઈ કોરકસર રાખી નહોતી. એ છાપ ભૂંસવા રાહુલને જનોઈ સુધ્ધાં પહેરવી પડી! રાજકારણમાં નટમંડળીના ખેલ કરવામાં જેને વધુ ફાવટ એ જ ફાવે. મોદી અને શાહને એમની જ ભાષામાં જવાબ આપવાની અનિવાર્યતા રાહુલ ગાંધીએ સ્વીકારી લીધી છે. એથી કર્ણાટકની ચૂંટણીમાં પણ તેઓ મઠ-મંદિર અને દરગાહોની મુલાકાતો લઈ પ્રચાર ઝુંબેશ ચલાવી રહ્યા છે. ભાજપ દ્વારા ભ્રષ્ટ પૂર્વ મુખ્યમંત્રી યેદીયુરપ્પાને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરાયા છે. યેદીયુરપ્પા અઠ્ઠમ સઠ્ઠમ કાનૂની ખેલ ખેલીને ભ્રષ્ટાચારના આક્ષેપોથી મુક્ત થયા છે. વળી તેઓ લિંગાયત જાતિના હોઈ રાજયના સત્તરથી અઢાર ટકા લિંગાયતોના મત એકતરફી કરી શકે એમ છે. રાહુલ ગાંધીએ સ્થાનિક લિંગાયત નેતાઓની બલકે પ્રજાજનોની માગણી મુજબ એમને અલગ સાંપ્રદાયિક દરજ્જો અપાવી રાજી કરવાની ચાલ ચાલી છે. આથી સંઘ અને ભાજપે તેઓ હિંદુઓમાં વિભાજન કરાવી રહ્યા હોવાના આક્ષેપ રમતા મૂક્યા છે. રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય સ્તરે વિપક્ષોને એક મંચ પર લાવવાની કવાયત પણ શરૂ કરી છે. ઉત્તરપ્રદેશ અને બિહારમાં ભાજપનો પ્રભાવ વિપક્ષી એકતાની સામે ઓસરી રહ્યાંના ઓસાણ પેટાચૂંટણીનાં પરિણામોમાં જોવા મળે છે. આથી રાહુલ ગાંધી અને એમની યુવા ટીમ આગામી લોકસભામાં મોદીને એમની વારાણસીની બેઠક પર જ ઘેરવા માગે છે. દલિતોમાં ભાજપ વિરુદ્ધ ઊભો થયેલો પ્રતિકાર વિપક્ષી એકતા દ્વારા મોદીની કરિશ્માના કાંગરા ખેરવી શકશે એવી આશા બંધાઈ છે. આગામી દિવસો ભાજપ માટે એની શાખ બચાવવાના મુદ્દે કપરા નીવડી શકે છે.

શિક્ષક વિદ્યાર્થીમાં રહેલાં ગુણોને બિરદાવવા એટલે ગુણોત્સવ

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'આ માસ્તર કેવા છે?'

'છે ..તો..... સારા પણ...!' ગામનાં એક વાલીએ જવાબ આપ્યો.

'પણ...શું? એ શાલામા નિયમિત આવતા નથી?'

'ના...રે....રોજ શાળાએ આવે છે ને!'

'તો ....પછી શું?'

છોકરાવને ફરવા બઉ લઈ જાય'

'.....ફરવા??

'હા સાહેબ, શાળામાં ઠરીને બેસતા નથી,આજે ખેતરે લઈ જાય તો કાલે દૂધની ડેરીએ તો પરમદાડે બેંકમાં લઈ જાય.ફર ફર જ કરે.અન જુઓ આજેય માસ્તર બધાં છોકરાવને ક્યાંક લઈ ગ્યો સે.'ક્યાં લઈ ગયા હશે? '

'એય.....જમ્મુ કશ્મીરથી સૈનિકોની પલટન ગોમમાં આવીસે તે છોકરાવને ભેગા થવા લઈ ગયાં સે.' 'તે.....હેં.....સાહેબ, નિહારમાં ભણાવવાનું નથી હોતું?'

'હોય છે ને.....પરંતુ પ્રવાસ-પર્યટન અને મુલાકાત પણ શિક્ષણનો જ ભાગ છે.'

પારસ એનું નામ.એક ફૂટડો યુવાન.હમણાં જ ્ઈ પાસ કરીને વિધ્યાસહાયક તરીકે નોકરી મેલવી.બધાં ના પાડતાં હોવાં છતાં તેણે શિક્ષક બનવાનું પસંદ કર્યું.વિજ્ઞાનનો તેજસ્વી વિધ્યાર્થી હોવાથી ઘરનાં બધાં ઈચ્છતા હતા કે તે પોતાની સાયન્ટિસ્ટ તરીકે કારકિર્દી બનાવે.પણ પારસ જેનું નામ.એણે ધાર્યુ જ કર્યું અને બાળકો સાથે મોજ કરવાં લાગ્યો.તેના શિક્ષણ અને કેળવણી અંગેના વિચારો ખૂબ જ સ્પષ્ટ હતાં. ગાંધીજી, વિનોબા, ટાગોર, માતાજી, ગિજુભાઈ, કાર્લાઈલ આ બધાને વાંચેલા, પરંતુ એ વિચારોને સમજવા નોકરી લીધી.પારસ પોતાના વિધ્યાર્થીઓને પ્રત્યક્ષ અનુભવ કરાવે પછી અંદરો અંદર ચર્ચા ખુલ્લી મૂકી દે.બાળકો ખૂબ પ્રશ્નો પૂછે,ચર્ચા કરે અને તારણો મેળવે.અને પોતે ઢ્રીહંિની ભૂમિકામાં આવી જાય.

બે દિવસ પહેલા જ 'ઝંડા ઊંચા રહે હમારા,વિજયી વિશ્વ તિરંગા પ્યારા' એ ગીત બાળકોને શીખવાડેલું. ક્યાંકથી સમાચાર મળ્યા કે ગામમાં કશ્મીરથી સૈનિકોની એક પલટન આવી છે અને આજનો દિવસ રોકાવાના છે.બસ.... પારસ તો ઉપડ્યો બાળકોંને લઈ મળવા.આખો દિવસ બાળકોંએ સૈનિકો સાથે પસાર કર્યો.દેશભક્તિની, યુદ્ધની, યુદ્ધ માટે સજ્જતાની, ફિટનેસની, સૈનિક શિસ્તની, દારૂગોળાની,અનેક વાતો અને પ્રત્યક્ષીકરણથી બાળકોંને ખૂબ મજા પડી. સૈનિકોને બધાં બાળકો એ બે દિવસ પહેલાજ શિખેલું ઝંડાગીત સંભળાવ્યું. બધાં ખૂબ ખૂશ થયાં.ત્યાંથી નિકળ્યાં ત્યારે બાળકોંની ચાલ બદલાઈ ગઈ 'તી.

ભારત દેશમાટે કાંઈક કરી છૂટવાની ભાવના બાળકોંના મનમાં ઉગાડી શક્યાનો એક નાનકડો પ્રયત્ન દાદ માગી લે તેવો હતો.બાળકોંનો આજનો દિવસ ભારતમાતાને સમર્પિત હતો.બાળકોંની આ મુલાકાત,વર્ગખંડમાં ગમે તેટલાં દેશભક્તિના પાઠ ભણાવવાથી પણ અનેક ગણી ચડિયાતી હતી.હું પારસ જેવાં અનેક શિક્ષકોના પ્રેમમાં છું.જેઓ બાળકોંમાટે જીવે છે અને બાળકોંમાટે જ વિચારે છે.અનેક શિક્ષકો ગુજરાતના ખૂણેખાચરે ધૂણી ધખાવીને બેઠા છે.તેઓ કોઈ પાઠ્યક્રમ કે અભ્યાસક્રમ કે કોઈ એવોર્ડનાં મોંહતાજ નથી હોતા.પોતાનો અભ્યાસક્રમ જાતે ઘડાતા હોય છે.ત્યાં બાળકોંસાચી કેળવણી પામે છે.પ્રત્યક્ષ અનુભવ માં માનનારા આ શિક્ષકો ગુણોત્સવથી પર છે.તેઓ ઘડિયાળને ઘરે મૂકીને આવે છે.બાળકોંમાં પ્રમાણિકતા, આત્મવિશ્વાસ,પરિશ્રમ અને દેશભક્તિ જેવા ગુણોનું સિંચન એ જ તેમનો ગુણોત્સવ.લાગણીની ખેતી કરતાં આ શિક્ષકો બાળકોનાં પ્રેમ અને સ્નેહથી ભીંજાતા હોય છે.મફતનો પગાર તેમને ના ખપે. પગાર કરતાં અનેકગણું તેઓ શાળાને પરત કરતા હોય છે.તેઓ સાચા અર્થમાં વર્ગ ને સ્વર્ગ બનાવવા મથતા હોય છે.વળી બાળકોંઅને વાલીઓમાં અતિપ્રિય હોય છે.તેમનો વણલખ્યો મુદ્રાલેખ હોય છે કે ' બાગ આખાને સુધારવાની મારી તાકાત નથી પરંતુ મારા ભાગે આવેલા ફૂંડાને હું જરૂર મઘમઘતુ કરી બતાવીશ.આવાં શિક્ષકોની પરીક્ષા કે ટેસ્ટ લેવાની હિમ્મત ક્યા અધિકારી દાખવશે??

મિસરી

આન્ટી :બેટા,તુ કઈ શાળામાં જાય છે?

બાળક : હું જતો નથી મને મોકલવામાં આવે છે.

- santoshdevkar03@gmail.com

બ્રેકીંગ ન્યૂઝ - લુપ્ત થતી જતી પ્રજાતિમાં 'શિક્ષક'નો સમાવેશ...



વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

ખૂબ સારી અને શાણી વાતો આપણે શિક્ષકો અને ગુરુ વિશે કરીએ છીએ... ત્યારે અત્યારની કડવી વાસ્તવિકતા એ પણ છે કે આજના વ્યાપારિક અભિગમ ધરાવતા સમાજમાં શિક્ષક બનવાનું કોઈને પસંદ નથી... લુપ્ત થતી જતી પ્રજાતિમાં 'શિક્ષક' ને મૂકવો પડે તેવા દિવસો આવ્યા છે.

'Save Tiger', 'Save girl child સાથે સાથે 'Save Tracher' નું અભિયાન પણ ચલાવવાના દિવસો આવી ગયા છે.

ટીંચીગ પ્રોફેશન હવે કોઈ માટે એટ્રેકશન નથી રહ્યું. 'ભણાવવા' માટે શિક્ષકો જ નથી મળી રહ્યા... ગુણવત્તા યુક્ત ટીચર્સની ખૂબ માર-મારી છે.

એક સમય હતો જયારે ગુરુનું સ્થાન ઉચ્ચ ગણાતું હતું... આજે શિક્ષક પંતુજીમાં ખપાવાય છે... ભારત દેશમાં જયાં 'ગુરુ દેવો ભવ' ની ભાવના છે, ત્યાં આવી હાલત થવાનું કારણ શું છે ?

કારણ છે, આપણી સિસ્ટમ... અને આપણે ખુદ. માતા-પિતા તરીકે હવે આપણને માત્ર આપણા સંતાનના માર્કસમાં જ રસ છે. તે માર્કસ તે ગુણવત્તા યુક્ત શિક્ષણથી મેળવે કે ગમે તેમ કહીને તેની સાથે લેવા દેવા નથી...

બીજુ, 'સોટી વાગે ચમચમ વિદ્યા આવે ઝમ ઝમ' વાળો સમય ચાલ્યો ગયો... એટલે કે ત્યાં સુધી કે વિદ્યાર્થીઓને જોરથી ગુસ્સો કરીને ખીજાઈ પણ શકાતું નથી...

પહેલાં તો બાળક ઘરે જઈને ફરિયાદ કરે કે, આજે તો ટીચર એ મને માર્યો... તો એના માતા-પિતા તરત પહેલા તેને જ ફટકારતા. અને કહેતા કે 'તે જ કાંઈક ગરબડ કરી હશે.' આજે આ જ બાબત તદ્દન રિવર્સ થઈ ગઈ છે... માતાપિતા ખૂબ જ એગ્રેસિવ થઈને તરત જ સ્કૂલે દોડી આવે છે, પરિણામ એ આવ્યું છે કે, બાળકને છૂટો દોર મળી ગયો છે.... ખબર છે કે શિક્ષકના તો હાથ બંધાયેલા છે, તેઓ વધારેમાં વધારે તો શું કરી શકવાના છે ! ટીચર્સ ડાયરીમાં નોટ લખશે અથવા તો બહુ બહુ તો આચાર્ય પાસે લઈ જવાશે...

માન્યું કે, દરેક ફિલ્મમાં ૫ - ૧૦ % તો બગડેલ કેરીઓ તો નીકળવાની જ ! એટલે વર્તમાનમાં જે એક-બે બગડેલી કેરીના સમાચાર આપણને સાંભળવા મળે છે, જેમાં 'વિકૃત શિક્ષકે સગીરા જોકે દુષ્કર્મ આચર્યું.' ફલાણા સ્કૂલના શિક્ષકે વિદ્યાર્થીને ઢોર માર માર્યો.' આવા બધા સમાચાર વર્તમાનપત્રોમાં પણ મોટા મથાળે છાપવામાં આવે છે...

શું આવા ૫-૧૦ % ના વાંકે સમગ્ર શિક્ષકગણએ ભોગવવાનું !

શિક્ષક પણ આખરે તો એક સામાન્ય વ્યક્તિ જ છે ને ! શું તેને દુઃખ, મુશ્કેલીઓ, યાતનાઓ નથી હોતી ? હોય છે... ચોક્કસ હોય છે... પરંતુ જયારે વર્ગખંડની અંદર પ્રવેશે કે તરત જ તે હસમુખા ચહેરા સાથે વર્ગને પોતાનો કરી લે છે...

દેખાવે સરળ લાગતી આ વાત અઘરી છે, જેવા તેવાનું આ કામ નથી... ચોક, ડસ્ટર તેમનું અવિભાજ્ય અંગ છે. બોર્ડ પર લખતાં લખતાં ચોકની ઝીણી કરચો નાક વડે તેના ફેફસામાં પ્રવેશે... ડસ્ટરથી બોર્ડ લૂછતી વખતે આંખોમાં જાય છે. ચોક - ડસ્ટર અને બ્લેક બોર્ડમાં તેનું જીવન વ્યતીત થઈ જાય છે...

એક શિક્ષરનું પી.એફ. એ જ છે કે, તેણે તૈયાર કરેલો કોઈ વિદ્યાર્થી વર્ષો પછી રસ્તામાં મળી જાય અને તેને પગે પડીને કહે 'ટીચર ! સર ! હું તમારો વિદ્યાર્થી હતો, અત્યારે ફલાણી ફલાણી પોસ્ટ પર છું.'

પાયથાગોરસનો પ્રમેય ભણાવતો શિક્ષક, કલાપીની 'રે પંખીડા સુખથી ચણજો...' કવિતા શીખવતો શિક્ષક, ૧૯૫૭માં સ્વાતંત્ર્ય સંગ્રામ વિશે સમજાવતો શિક્ષક, સંસ્કૃતના સુભાષિત શીખવતો શિક્ષક... કોઈ દિવસ નિરાંતે બેસીને વિચાર કર્યો છે ! આ બધા પૂજનીય છે...

સંસ્કાર અને શિસ્ત બાળકોને હવે શિક્ષકો પાસેથી જોતા જ નથી.... અને આજની ફાસ્ટ લાઈફ અને દોડાદોડીના ચક્કરમાં ઘરમાં પણ તેની આ શિસ્ત અને સંસ્કારોની ભરપાઈ થતી નથી... તેનું પરિણામ આગળ જતા સંપૂર્ણ સમાજે ભોગવવું પડે છે.

ચેતી જવાનો સમય આવી ગયો છે, ખૂબ જ પવિત્ર ગણાતા આ કાર્યને કરવા માટે આજે કોઈ તૈયાર નથી. બી.એડ્. કોંલેજો અને પી.ટી.સી. કોંલેજોને તાળા વાગી રહ્યા છે.

નવું શૈક્ષણિક સત્ર શરુ થઈ રહ્યું છે, ત્યારે વર્તમાનપત્રોમાં વિદ્યાલયોની જાહેરાત આવે તે જોઈને હસવું આવે છે... લખાય છે કે... વિશાળ એકરોમાં ફેલાયેલ શૈક્ષણિક સંકુલ, અતિ આધુનિક ઈમારત, એ.સી., કલાસરુમ... ક્રિકેટ કોચિંગ, લોન ટેનિસ કોર્ટ, બાસ્કેટ બોલ કોર્ટ, સ્વીમીંગ પુલ... શુદ્ધ - સાત્વિક ભાણુ પીરસતી કેન્ટિન... ધરાવતી સ્કૂલમાં એડમિશન માટે પધારો... અને જોવાની ખૂબી એ છે કે મા-બાપ પણ આ બધા પ્રલોભનોથી અંજાઈ જાય છે, અને બાળકોને પ્રવેશ માટે દોટ લગાવે છે.

વિદ્યાલયે તો પોતાના પ્રચારમાં લખવું જોઈએ કે, અમારે ત્યાં વિશાળ શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકો છે, આટ-આટલી ડીગ્રી ધારી ટીસર્ચ અમે અપોઈન્ટ કર્યા છે, જેના હાથમાં તમારા બાળકની નોળવેલ છે, તેવા શિક્ષકની જ બાદબાકી ? પસ્તાવુ પડશે... આપણે... અને આવનારી પેઢીએ... બાકી કદાચ દ્રોણ અને સાંદિપની પણ જો આજે પૃથ્વી પર ઊતરી આવે ને તો... આપણો સમાજ તેને પણ ધક્કે ચડાવે તેવો છે...

રખેને માનતા આ એક હતાશ શિક્ષકની વ્યથા છે... આ તો ચેતવણીનો સૂર છે... સમાજ માટે... બાકી આવી દયનીય હાલતમાં પણ શિક્ષકો તો જ્ઞાનની આહૂતિ આપી જ રહ્યા છે... દ્રોણ, સાંદીપનિ અને ચાણક્યના વંશજ એવા શિક્ષક કદી હાર માને નહીં... માની શકે જ નહીં...

'પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ' આ પંક્તિને અમ-શિક્ષકો નિર્માણ સુધી જ ચરિતાર્થ કરીએ તેમા જ સમાજની ભલાઈ છે... બાકી તો આપ સમજદાર જ છો...

અંતમાં અનિલ જોશીની કવિને સંબોધતી પંક્તિ યાદ આવે છે, જે અહીં શિક્ષકને લાગુ પડે છે માટે લખીને વિરમું છું...

તું કવિ (શિક્ષક) છે
તારે દીવો ઠરવો ન
જોઈએ એ શરતે
વાવાઝોડાની
આરતી ઉતારવાની
છે...!

- jayuoza@gmail.com,
Mo. 9898046488

એવું લાગે છે કે, આપણે ઉપેક્ષિતોને બહુ અન્યાય કર્યો છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

"આ બધું સાંભળ્યા પછી સમજાય છે કે આપણે ઉપેક્ષિતોને બહુ અન્યાય કર્યો છે."

"આ લોકોના સંઘર્ષોની વાત સાંભળીને હચમચી જવાય છે, તો જેમણે ભોગવ્યું છે એમની દશા કેવી હશે ?"

"કહેવાતા વિકસીત સમાજે ઉપેક્ષિતોને અસુરક્ષિતતા ને અવહેલના જ આપ્યા છે."

આ અને આવા કેટલાય વાક્યો શ્રોતાઓ અરસ-પરસની વાતચીતમાં કહી રહ્યા હતા. સમાજે જેમની હંમેશા ઉપેક્ષા કરી, જેમને સન્માનપૂર્વક જોયા નહિ, જેમને આર્થિક - સામાજિક કે સાંસ્કૃતિક વિકાસનો કોઈ મહત્ત્વપૂર્ણ લાભ આપ્યો નહિ એવા લોકોની જીવનશૈલી, રોજિંદુ જીવન, એમની સમસ્યાઓ અને પડકારો - એમના પ્રશ્નોના ઉકેલો અને એમના જીવનમાં સુધારા... સંદર્ભે ચર્ચા-સંવાદનો એક ઉત્તમ અવસર પ્રાપ્ત થયો હતો. મોરારિ બાપુની ઉપસ્થિતિમાં મહુવા ખાતે યોજાયેલા અસ્મિતા પર્વમાં ઉપેક્ષિત સમાજના ત્રણ સમાજોમાં કામ કરનારા કર્મશીલોએ પોતાની વાત માંડ હતી.

અસ્મિતા પર્વના ત્રીજા દિવસ એક વિશેષ બેઠકનું આયોજન થયું જેમાં ગૌરાંગ જાનીના સંયોજન હેઠલ ઉપેક્ષિતોનો અવાજ વિષય પર ચર્ચા-સંવાદ થયા. કિન્નર સમાજ વિશે લક્ષ્મીનારાયણ ત્રિપાઠી, વિચરતા સમાજ વિશે મિત્તલ પટેલ અને આદિવાસી સમાજ વિશે સુજાતા શાહે વેદના - સંવેદના, પ્રશ્નો અને તેના ઉકેલો, સમાજનો અભિગમ અને આ સમાજોને જોવાની - માપવાની દૃષ્ટિ વગેરે વિશે રોજિંદી જીવનના તેમના અનુભવોના આધારે વાતો કરી. શહેરોમાં આધુનિક જીવનશૈલી અનુસરનારા લોકો માટે કેટલીયે વાતો કે હકીકતો સાવ નવી હતી.

ઉપેક્ષિત એટલે કોણ ? આ પ્રશ્ન સાથે શરૂ થયેલી સંવાદ યાત્રા પ્રશ્નોત્તરીના પ્રત્યેક પડાવે વધુ રોચક અને માહિતીપ્રદ બનતી ગી. શ્રોતાઓ સંવેદનાથી વધુ ને વધુ ભીંજાયો સુજાતા શાહે કહ્યું કે, આદિવાસીઓમાં સ્ત્રીઓનો દરજ્જો બહુ ઊંચો છે - ત્યાં ન્યાયી સમાજ વ્યવસ્થા છે, તેઓ ભોળા છે ને એમને માનવ સંસાધનો અને કુદરતી સંશાધનોમાં સમોતલન સાધ્યું છે. આદિવાસી સમાજમાં બોલી જેને આપણે ભાષા કરીએ છીએ તેનું અપાર વૈવિધ્ય છે. ઓછા શબ્દોમાં તેઓ વધુ વાત કહે છે.

મિત્તલ પટેલે કહ્યું કે દુઃખની વાત છે કે વિચરતી અને વિમુક્ત જાતિના માણસો આજે પણ ઓળખાણ વગરના ગણાય છે. વિચરતી જાતિમાં બે પ્રકારના લોકો છે. એક જીવન જરૂરિયાતની ચીજો પુરી પાડનારા અને બીજા મનોરંજન કરનારા. એમણે ગામે ગામ થોડા થોડા દિવસો રહેવું પડે અને વિચરતી જાતિ ભારત - પાકિસ્તાન - અફઘાનિસ્તાન બધે છે. પ્રદેશ જુદા છે પણ એમની ભાષા એક જ છે.

લક્ષ્મીનારાયણ ત્રિપાઠીએ કહ્યું કે, કિન્નરોની અસ્મિતા મોગલકાળ પહેલાથી સચવાઈ છે. કિન્નરોમાં ગુરુ - ચેલાની સમાજ વ્યવસ્થા આજે પણ છે અને કિન્નરોએ હંમેશા પોતાના અસ્તિત્વને સાચવ્યું છે. એમની ભાષામાં પર્શિયન અને હિન્દીનું મિશ્રણ છે. કિન્નર સમાજને પહેલા સન્માન આપો અને પછી અમારી સંસ્કૃતિ વિશે જાણો એવી લાગણી તેમણે વ્યક્ત કરી હતી. ત્રણ કલાક દરમિયાન ઉપેક્ષિત સમાજના આ ત્રણ પ્રતિનિધિઓએ જે વાતો કરી એના પરિણામે ઉપેક્ષિતોનો અવાજ - એમની સંવેદના વ્યાપક રૂપે જન સમાજ સુધી અસ્મિતા પર્વના માધ્યમથી પહોંચી અને સાંભળનારા સહુ એ દિશામાં હકારાત્મક કાર્ય કરવા વિચારતા થયા.

મોરારિ બાપુએ કથાવાંચનનો પ્રારંભ કર્યો ત્યારથી સમાજના વિવિધ વર્ગના વંચિતો ઉપેક્ષિતો પ્રતિ એમની વ્યાસપીઠ પરથી કરુણા વહેતી રહી છે. શબરીધામ અને લીમખેડામાં આદિવાસી સમાજ માટે, એંડલામાં વિચરતી જાતિ માટે અને મુંબઈ થાણેમાં કિન્નર સમાજ માટેના વિષય પર કથા પ્રવાહ વહ્યો હતો અને એ રીતે આ લોકોને જોવાની દૃષ્ટિમાં કાંઈક બદલાવનો આરંભ થયો છે.

શહેરી સભ્ય કે સુધરેલા સમાજની એ જવાબદારી છે કે ઉપેક્ષિતની અવહેલના ન કરે, અવગણના ન કરે, પરંતુ રોજિંદા જીવનમાં એમનો સ્વીકાર કરે, એમને સન્માન આપે. એમના સમાજના યુવાનો હવે શિક્ષિત થતા જાય છે. ત્યારે સમાજના મુખ્ય પ્રવાહમાં એમને સ્થાન મળે અને સરવાળે એમને માણસ તરીકેનું માન સન્માન મળે એ દિશામાં આચાર-વિચાર અમલમાં મુકાય એ જરૂરી છે. આવું જયારે જયારે થતું જોવા મળે છે ત્યારે સામાજિક સુધારણાના દીવડા પ્રગટે છે ને અજવાળા રેલાય છે.